ગાંધીનગર સમાચાર

તા. ૪-૨-૨૦૧૨, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

# સત્તાનો અમર પિયાલો

કોગ્રેંસને હિંદુસ્તાનના 'ડીએનએ' તરીકે ઓળખવી એનાં સંગઠનનાં સૂત્ર સંભાળનાર યુવાન નહેરુ-ગાંધીવંશી નેતા રાહુલ ગાંધીએ કોંગ્રેસને પાયામાંથી મજબૂત કરવાની કવાયત શરૂ કરી દીધી છે. રોજે રોજ તેઓ પદાધિકારીઓ અને કાર્યકરોની બેઠકો યોજવા લાગ્યા છે. જૂની જાણીતી ટેવ મુજબ કાર્યકરો અને નેતાઓ કોગ્રેંસના નબળા દેખાવ માટે હરીફ જૂથો કે વ્યક્તિઓ પર જવાબદારી ઢોળી દેવા લાગ્યા ત્યારે એમણે ગઈ ગુજરી ભૂલી જઈ નવી ગિલ્લી - નવો દાવ ખેલવા માટે સજ્જ થવાની શિખામણ આપી દીધી. જો કે કોગ્રેંસ એની જૂની બિમારીમાંથી બહાર આવી શકશે કે કેમ એ પ્રશ્ન તો ઊભો જ છે. પરંતુ યુવા નેતાનો પૉઝિટિવ અભિગમ એક બિમાર રાજકીય સંગઠનને ચેતનવતું કરવામાં મદદરૂપ જરૂર થશે એમાં શંકાને સ્થાન નથી. સામે પક્ષે મુખ્ય વિરોધપક્ષ ભાજપના અણધારી રીતે નવા સુકાની બની ગયેલા રાજનાથસિંહ પણ ઉત્સાહ પૂર્વક એમની વેરવિખેર થઈ ગયેલી બાજી સરખી કરી રહ્યાં છે. રાજનાથસિંહ માટે પાર્ટીનાં વિવિધ મહત્વાંકાંક્ષી જૂથોને એક પંગતમાં બેસાડવાનું કામ ઘણું કપરું છે. કોગ્રેંસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની જે ધાક અને એક ચક્રી શાસન છે તેની સરખામણીએ રાજનાથસિંહ એમની પોતાની તથા કથિત અનુશાસિત પાર્ટીમાં ઘણો ઓછો વક્કર ધરાવે છે. હમણાં ભાજપમાં આગામી ચૂંટણી માટે વડાપ્રધાન પદ માટે કોનું નામ આગળ કરીને મેદાનમાં ઊતરવું એ પ્રશ્ને ભારે વિવાદ ચાલી રહ્યો છે. રાજનાથસિંહ મગનું નામ મરી પાડી શકતા નથી કારણ કે, ભાજપમાં વરિષ્ઠતમ નેતા લાલકૃષ્ણ અડવાણીથી લઈ સુષમા સ્વરાજ અને નરેન્દ્ર મોદી ઉપરાંત હવે તો મધ્યપ્રદેશન મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પણ પોતાનું નામ આગળ ધરવા ઉત્સુક હોય એવો માહોલ પ્રવર્તે છે. અંગ્રેજીમાં કહેવત છે કે ઘણા રસોઈયા ભેગા થઈ જાય ત્યારે રસોઈમાં ભલીવાર આવતો નથી. કોગ્રેંસમાં નેતાગીરીના મુદ્દે આવી સ્પર્ધા નથી. પરંતુ એ પણ સાચું કે મનમોહનસિંહ એમની બીજી ઈનિંગ્સ રમવામાં ખાસ્સા નિષ્ફળ અને અળખામણા પુરવાર થયા છે. નેશનલ ડેમોક્રેટિક અલાયંસ (એનડીએ)ના 'ડીએનએ'માં એક વિધતા નથી. એના સંયોજક અને સાથી ઘટક પક્ષના અધ્યક્ષ શરદ યાદવે કોઈપણ સંજોગોમાં દિલ્હીની ગાદી પરથી યુપીએને વિદાય કરવાનો સંકલ્પ જરૂર દોહરાવ્યો છે, પરંતુ એમને ખુદને ખબર નથી કે એમનું સંગઠન કોના નામે લોકસભાનું મહાભારત લડશે. નરેન્દ્ર મોદી સામેનો એમનો અને નીતીશ કુમારનો વિરોધ જાણીતો છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ યુવા નેતૃત્વની તરફેણ કરે છે. સુષમા સ્વરાજનું ગોત્ર જુદું હોઈએ સંઘની પસંદગી ન જ હોય તે સમજાય એવું છે. જેના 'ડીએનએ'માં હિંદુત્વ હોય અને જેની લોકપ્રિયતા પુરવાર થઈ ચૂકી હોય એવા નંબર-વન ઉમેદવાર તો આપણઆવાળા જ છે. શું એમના શિરે હાથણી કળશ ઢોળશે કે પછી છેક મોં લગી પહોંચેલો સત્તાનો પ્યાલો ૨૦૧૪ આવતાં આવતાં ઢોળાઈ જશે? 'ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે!'

## આજે સંત નિરંકારી મિશનના વડા હરદેવસિંહજી મહારાજનો સંત સમાગમ

આજના ભૌતિક યુગમાં મનુષ્યની માનસિક સમસ્યાઓ અને દુઃખોનું મૂળ કારણ અજ્ઞાનતા છે. જે પ્રભુને જાણવાથી જ દૂર થાય છે, જ્યારે મનુષ્ય પૂર્ણ સદ્‌ગુરુ દ્વારા નિરાકાર પરમાત્માના મૂળ સ્વરૂપને જાણીને સમજીને ભક્તિ કર્મ કરે છે ત્યારે જ માનવ મનને સાચુ સુખ પ્રાપ્ત થાય છે. આજના યુગના સદ્‌ગુરુ, યુગદષ્ટા નિરંકારી બાબા હરદેવસિંહજી મહારાજના પાવન સાનિધ્યમાં આજે સંત સમાગમ યોજાશે.

અમદાવાદ શહેરના વસ્ત્રાલ ખાતેના કામધેનુ મેદાન, ન્યુ. આર.ટી.ઓ. ઓફીસની પાછળ આજે તા. ૪થી ફેબ્રુઆરી-૨૦૧૩ને સોમવારે સાંજે ૫ થી ૯ સત્સંગ યોજાશે. તથા સદ્‌ગુરુ બાબા હરદેવસિંહજી મહારાજનુંપ્રવચન સાંજે ૮.૩૦ કલાકે યોજાશે. ભાગ લેવા અમદાવાદ, ગાંધીનગર શહેર ગુજરાત ઉપરાંત અન્ય સ્થળોએથી શ્રદ્ધાળુઓ ભાગ લઈ સહ અસ્તિત્વ, એકત્વ તથા માનવતાનો સંદેશ ભક્તિભાવપૂર્વક પ્રસારિત કરશે. સમાગમનો લાભ લેવા ગાંધીનગરની જાહેર જનતાને સંત નિરંકારી સત્સંગ ભવન, સે.૩૦, ગાંધીનગરના સંયોજક ખુશાલસિંહ ચુધે ખાસ જણાવ્યું છે.

# સ્કોલરશીપ મેળવવા માટે આધાર કાર્ડ જરૂરી રહેશે

### આધાર કાર્ડને વિદ્યાર્થીઓના બેંક ખાતા સાથે જોડી દેવાનો નિર્ણય કર્યો : વિદ્યાર્થીના હિતમાં નિર્ણય કરવામાં આવ્યો

ગાંધીનગર, તા.૩

યુનિવર્સિટી અને કોલેજના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અને ફેલોસીપ મેળવવા માટે આધાર કાર્ડને જરૂરી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી યુનિવર્સિટી તથા કોલેજના વિદ્યાર્થીઓ જો યુજીસી અતવા તો રાજ્ય સરકાર પાસેથી પોતાની સ્કોલરશીપ અનો ફેલોશીપ મેળવવા માંગે છે તો આના માટે આધાર કાર્ડ જરૂરી રહેશે. યુજીસીના એક અધિકારીએ કહ્યું ચે કે પંચે આદાર કાર્ડનો વિદ્યાર્થીઓના બેંક ખાતાઓ સાથે જોડવાનો નિર્ણય કર્યો છે. વિદ્યાર્થીઓને આનાથી રાહત થસે. યુનિવર્સિટી અને કોલેજોને આના પર અમલ કરવાની સુચના આપવામાં આવી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ભારતના વિશિષ્ટ નાગરિક તરીકેની ઓળખ માટે દેશના પ્રત્યેક નાગરીકને આધાર નંબર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે કલ્યાણ યોજનામાં ઘણી ફાયદાકારક બનશે. તેમજ આધારકાર્ડના કારણે વિદ્યાર્થીઓની રોકડ સીધી બેંકના ખાતામાં જોડી દેવાનો નિર્ણય કર્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે, આધાર કાર્ડ સંલગ્ન એક અધિકારીની નિમણુંક કરવામાં આવે કે જે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સંબંધિત માહિતી પૂરી પાડી રાજ્ય સરકાર સાથે સંકલન કરશે. યુજીસીએ આ બાબતે વિશ્વવિદ્યાલયને પત્ર મોકલ્યો છે અને કાર્ય ઝડપથી પરિપૂર્ણ કરવાનું સૂચવ્યું છે.વિદ્યાર્થીઓને પણ આ દિશામાં સક્રિય થવા માટે કહેવામાં આવ્યું છે.વિશ્વ વિદ્યાલયો અને કોલેજોને આધાર વહીવટ કાર્ય માટે રાજ્ય તથા કેન્દ્રના અધિકારિઓ સાથે સંકલન કરવા સલાહ પણ આપવામાં આવી છે.

હાલમાં રહેલી જોગવાઈ મુજબ વિશ્વ વિદ્યાલયની માન્યતા મળ્યા પછી જ વિદ્યાર્થી ફેલોશિપ માટે યુજીસીને આવેદન પત્ર મોકલી શકે. ત્યારબાદ રકમ વિશ્વ વિદ્યાલયના ખાતામાં જમા થાય છે અને વિદ્યાર્થીઓને ચેકના મારફતે રકમ મળે છે. વ્યવસ્થા જેઆરએફ, રાજીવ ગાંધી ફેલોશિપ, સીએસઆઈઆર ફેલોશિપ, મૌલાના આઝાદ ફેલોશિપ જેવી વિભિન્ન યોજનાના સંદર્ભમાં છે. પંચએ વિશ્વવિદ્યાલયો તેમજ કોલેજોથી ગુણવત્તાપૂર્ણ પાઠ્યક્રમમાં વિકાસ કરવા, પ્રવેશની પ્રક્રિયાને પારદર્શક અને વધારે સારી બનાવવા તથા પરીક્ષામાં સુધારા વગેરે બાબત પર સલાહ આપી છે.



### મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર જિલ્લાના પીંપળજ ગામે આવેલી મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની ટેકવોન્ડો સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૨૦૧૩માં જિલ્લાકક્ષાની ટેકવોન્ડો સ્પર્ધામાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના હરેશ સોલંકીએ પ્રથમ નંબર, દર્શન હુમરે, પોકાર રેનિશે દ્વિતીય નંબર તથા મીત પટેલ, સમ્યક પટેલ અને ગૌતમ વાઘેલાએ તૃતીય નંબર પ્રાપ્ત કર્યો છે. શાળાના ટ્રસ્ટી ભરતભાઈ હુમર, હર્ષદભાઈ પટેલ શાળાના આચાર્ય ભરતસિંહ રાઠોડ તથા કોચ ભરતભાઈ ચૌધરી તેમજ રાજુભાઈ ચાવડાએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.





## સાહિત્ય સર્જક સુમંતભાઈ શાહના પુસ્તકોનો વિમોચન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૩

ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગરના ઉપક્રમે ગાંધીનગરના સુમંતભાઈ શાહના બે કાવ્યસંગ્રહનો વિમોચન કાર્યક્રમ તાજેતરમાં પી.કે. ચૌધરી મહિલા કોલેજ સંકુલના સભાખંડ ખાતે યોજાયો હતો.

સાહિત્યકાર સુમંતભાઈ શાહના 'શ્રી વલ્લભ દર્શન' અને 'સમ્યક દર્શન' એમ બે કાવ્ય સંગ્રહનો લોકાર્પણ સમારંભ સેકટર-૭-ડી પી.કે. ચૌધરી મહિલા કોલેજ સંકુલ, સભાખંડમાં ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાન્ત જહાના વરદ હસ્તે અને સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ તથા ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પૂર્વ સચિવ ગુજરાત રાજ્ય રસિકલાલ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સુમંતભાઈ શાહના સાહિત્ય સર્જનને બિરદાવ્યું હતું તથા ડૉ. કેશુભાઈ દેસાઈએ બંને ગ્રંથોનું વિવેચનાત્મક વકતવ્ય રજૂ કર્યું હતું.

સમારંભના અધ્યક્ષ પદે ગુજરાત રાજયના પૂર્વ મંત્રી ઈશ્વરસિંહ ચાવડાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું અને કૃષ્ણકાન્ત જહાએ સર્જકના સાહિત્ય સર્જન સાથે સાથે તેમની ગ્રંથ સમૃદ્ધિને જણાવી હતી. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય સંગમના મહાસચિવ નટવર હેડાઉએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમમાં સાહિત્ય સર્જકો, વૈષ્ણવ પરિવારો અને વરિષ્ઠ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



સાહેબ, વાળુ આલવા બેન ઘરે નથી તો કાંઈ વાંધો નહીં... આવે ત્યાં સુધી છોડીનાં મોબાઈલમાં થોડા વિડીયો નાખી આલો ને...!!

## સ્માર્ટ કીડ્ઝનો વાર્ષિકોત્સવ ૧૦મીએ ઉજવાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૧માં આવેલી સ્માર્ટ કીડ્ઝ નર્સરી શાળાનો વાર્ષિકોત્સવ તા. ૧૦મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે સાંજે ૫ કલાકે ઉજવાશે. નાના નાના ભૂલકાઓના અવનવા કાર્યક્રમો અભિનય સ્વરૂપે નિહાળવા શાળા પરિવારે નગરજનોને તથા વાલીગણને વાર્ષિકોત્સવ નિહાળવા આવવા ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

## આવો અંગ્રેજી શીખીએ

- ચેતના બુચ

**The Noun** (નામ)

- વસ્તુ કે વ્યક્તિ દર્શાવનાર શબ્દને **noun**(નામ) કહેવાય.

દા.ત. **Ram, Ahmedabad, love, Silver etc.**

**• Kinds of Noun :**

**(1) Proper Noun :**

કોઈ પણ વસ્તુ અગર વ્યક્તિને વિશિષ્ટ નામ આપવામાં આવ્યું હોય તો તે નામને **proper noun** એટલે કે વ્યક્તિવાચક નામ કહેવાય.

**e.g : Anjana, Dhwani, Mahi, The Himalayas etc.**

આ નામનાં માણસ, શહેર, દેશ, પર્વત, નદી, પ્રાણીઓનાં નામ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

**(2) Commen Noun :**

જે નામ વ્યક્તિ અગર વસ્તુની સમગ્ર જાતિ માટે વપરાય તેને **commen noun** અર્થાત્ જાતિવાચક નામ કહે છે.

**e.g : dog man, city, river, boy, ball, bat, mountain etc.**

**(3) Collective Noun :**

જે નામ વ્યક્તિ કે વસ્તુના આખા સમૂહ માટે વપરાય છે. તેને **collective noun** કહેવાય. એટલે કે સમૂહવાચક નામ કહેવાય.

**e.g : crowd, team, group, library etc.**

**(4) Material Noun :**

જે નામ ધાતુ કે અન્ય દ્રવ્યો માટે વપરાય તેને **material noun** કહેવાય એટલે કે દ્રવ્યવાચક નામ કહે છે.

**e.g : rice, gold, oil, copper, suger etc.**

**(5) Abstract Noun :**

જે બાબત ભાવથી સમજી શકાય પણ આંખ વડે જોઈ ન શકાય તેને **abstract noun** કહેવાય. એટલે કે ભાવવાચક નામ કહેવાય.

**e.g : love, misery, nationality etc.**

● નીચેના વાકયોમાંથી **noun** ના પ્રકાર શોધો.

**(1) The girls sinh a song.**
**the girls - Commen noun**
**song - Commen noun**
**(2) A thing of a beauty is a joy for ever.**
**Thing - Commen noun**
**Beauty - Abstract noun**
**(3) Gold is a Precious metal.**
**Gold - Material noun**
**Metal - Commen noun**

# સામાજિક સંપર્કો તૂટી રહ્યા છે ત્યારે જીવનસાથી પસંદગી મેળો શ્રેષ્ઠ વિકલ્પ બની રહે છે

### સમાજ ચિંતન

- પોપટલાલ એસ પ્રજાપતિ

જિંદગીની સતત દોડધામ અને બાળકોનાં શિક્ષણની ચિંતામાં માનવીના સામાજિક સંપર્કો જળવાતા નથી અને તે સમાજથી વિખુટો પડી જાય છે. સંયુક્ત કુટુંબની વાતો હવે દીવાસ્વપ્ન બની ગઇ છે ત્યારે આપણી માનસિકતા પણ વિભક્ત થઇ રહી છે. તેમાં સંબંધોની જાળવણી અને વહેવાર સાચવવાની વાત વિસારે પડતી જાય છે. કયા સંબંધીના કેટલા દીકરા કે દીકરી છે તે તેમનો અભ્યાસ કેટલો તેની પણ માહિતી થઇ શકતી નથી. વારે તહેવારે કે સામાજિક પ્રસંગોએ સંબંધીને ત્યાં જરૂર પૂરતો વહેવાર કરી સૌ પોતપોતાની દુનિયામાં અટવાયેલાં રહે છે. પરિણામે દિકરા કે દીકરી ઉંમરલાયક થાય ત્યારે તેમનાં માટે યોગ્ય જીવનસાથી શોધવાનો પ્રશ્ન વિકટ બની જાય છે.

દરેક સમાજની આ સમસ્યા છે કે કન્યા કેળવણીનું પ્રમાણ વધતું જાય છે અને કન્યાઓ શિક્ષિત થયા પછી તેમની સમકક્ષ પાત્ર શોધવામાં વડીલોને અનેક વિટંબણાઓનો સાનો કરવો પડે છે. સમાજની આ સમસ્યા હળવી કરવા કેટલાક સમાજો દ્વારા જીવનસાથી પસંદગી મેળાના આયોજન થાય છે. એક કન્યા પોતે ભણવામાં ખુબ હોંશિયાર હતી તેને આઇ.એ.એસ. ઓફીસર બનવાની ખ્વાહીશ હતી તેણે બી.એસ.સી., એમ.એડ્., એલ.એલ.બી., એમ.એલ.એલ., એમ.ફીલ. ગૌણ સેવા અને જીપીએસસી ઉપરાંત આઇ.એ.એસ. ની પરીક્ષા પણ આપી એમ કરતાં કરતાં તે ૩૫ વર્ષની ઉંમર વટાવી ગઇ હવે તેનાં પરિવાર તરફથી લગ્ન માટે દબાણ કરવામાં આવ્યું પણ ત્યારે ઘણું મોડું થઇ ગયું હતું છેવટે તેણે જીવનસાથી પસંદગી મેળામાં ઉમેદવારી નોંધાવી પણ સમાજમાં ૩૫ વર્ષનો કોઇ મુરતીયો કુંવારો તેની સમકક્ષ હતો નહિ. કેટલાક યુવકો સગપણની વાત આવે ત્યારે મોં મચકોડે છે અને ભણી ગણી પગભર ન થાય ત્યાં સુધી સંબંધ કરવાની મનાઇ ફરમાવે છે. તેમની માન્યતા કદાચ સાચી હોઇ શકે, પણ કન્યાના વાલીઓ વધુ રાહ જોવા તૈયાર હોતા નથી. લગભગ દરેક સમાજમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે. ખાસ કરીને કન્યા કેળવણીનું પ્રમાણ વધ્યું છે, પરિણામે કન્યાઓ માટે સમકક્ષ પાત્રની શોધમાં વ્યાપક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

વર્તમાન સમયમાં જીવનસાથી પસંદગીનો પ્રશ્ન વિકટ બન્યો છે પણ વાસ્તવિકતાની ધરતી પર પગ મુકીને ચાલવામાં આવે તો આ પ્રશ્ન ઉકેલી શકાય તેમ છે. દરેકની પસંદગીના ધોરણો અલગ હોઇ શકે. રૂપ-ગુણ, શિક્ષણ સંસ્કાર, સંપત્તિ અને ચારિત્ર્ય બસ આટલા પસંદગીના માપદંડો છે તમે કોને મહત્ત્વ આપો છો. તેના પર તમારી જિંદગીની ઇમારત ચણાય છે. એ ઇમારત આલિશાન પણ બની શકે અને પસંદગીમાં થાપ ખવાય તો ઝડપભેર ઇમારતનાં કાંગરા ખરવા પણ લાગે. ઘણી વખત બાહરી સૌંદર્ય છેતરામણું છે અને ભીંતરના ભેદ પારખવામાં થાપ ખવાઇ જાય છે. જીવનના બાગને મહેંકતો રાખવો હોય તો પસંદગીની રેખા બહુ પાતળી ન બનાવશો. એક સમાજ આયોજિત પસંદગી મેળામાં એક યુવતિએ વ્યક્ત કરેલો વિચાર વિસ્મય પમાડે તેવો હતો. યુવતીએ બેધડક જાહેર કર્યું કે હું ઉચ્ચ શિક્ષણ પામેલ અને સુખેથી જીવન ગુજારો કરી શકાય તેટલું કમાવાને સક્ષમ છું. મારે લાઇફ પાર્ટનર એવો જોઇએ જે ફક્ત બાળકોનાં શિક્ષણ પાછળ ધ્યાન રાખે અને ઘરની જવાબદારી સંભાળી શકે. દેખાવ સુંદર અને અભ્યાસ ગ્રેજ્યુએટ હોવો જોઇએ... હવે આવા મુરતિયા શોધવામાં કોઇ તકલીફ પડે ખરી?

જિંદગીની સતત દોડધામમાં અટવાયેલાં વાલીઓનાં સામાજિક સંપર્કો હવે નહિવત થઇ ગયા છે અથવા સૌને ટાઇમનો અભાવ છે ત્યારે સમાજ આયોજિત જીવનસાથી પસંદગી મેળાની આવશ્યકતા વધતી જાય છે. આવા પસંદગી મેળામાં આરામથી બેઠા બેઠા એક જ દિવસમાં ૩૦૦ થી ૪૦૦ ઉમેદવારો સંપૂર્ણ બાયોડેટા સાથે જોઇ શકાય છે. કેટલાક સમાજમાં આવા પસંદગી મેળાના આયોજન ખુબ વખાણવા લાયક હોય છે. તેમાં સંગીતનું માધ્યમ ઉમેરી પસંદગીમેળાને રસપ્રદ બનાવવામાં આવે છે. ઉમેદવારો જાતે સ્ટેજ પર આવી પોતાનો બાયોડેટા તથા પસંદગી અંગેનો ખ્યાલ રજૂ કરે છે. તેનાથી તેમની પસંદગીનું ધોરણ જાણી શકાય છે. ઉમેદવારની સ્પીચ પરથી તેની સ્માર્ટનેશ, ચાલવામાં કોઇ તકલીફ, શારીરિક ખોડખાંપણ, તેના શોખ વિગેરેનો પરિચય મળે છે. આમાંથી કોઇ પાત્ર પર પસંદગી ઉતરે વિશેષ માહિતી સામાજિક કાર્યકર્તાઓ/ આગાવાનોનો સંપર્ક કરી મેળવી શકાય છે.

ગાંધીનગર ખાતે ટાઉનહોલમાં પ્રજાપતિ સમાજ દ્વારા એક વિશિષ્ટ ઉમેદવારો જ તેમાં ઉમેદવારી નોંધાવી શકે. જેમાં ૬૫૦ ઉપરાંત ઉમેદવારોએ ભાગ લીધેલ. જેમાં બંને પગે અપંક એક ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, તેનો સેલ્ફ કોન્ફીડન્સ, અને જીવનસાથી અંગેના વિચારો સાંભળી એક મિનિટ સુધી લોકોએ તાળીઓથી વધાવેલો અને આ પસંદગીમેળામાં તેને એક પગે લકવાગ્રસ્ત યુવતી સાથે સંબંધ પણ નક્કી થયેલો. આમ સમાજથી અલિપ્ત થયેલા પરિવારો માટે પસંદગી મેળો ઉત્તમ માધ્યમ છે. મોટા શહેરોમાં હવે સર્વજ્ઞાતિ મેરેજ બ્યુરો પણ પ્રોફેશનલી ચલાવવામાં આવે છે. જેમાં જ્ઞાતિનું કોઇ બંધન હોતુ નથી કોઇ પણ જ્ઞાતિનું પાત્ર ચાલે. ફક્ત બાહ્ય દેખાય અને શૈક્ષણિક લાયકાત જોઇ પાત્રની પસંદગી કરાય છે. જો કે આવા મેરેજ બ્યુરોમાં છૂટાછેડાનું પ્રમાણ વધુ રહે છે. અમદાવાદમાં સિનિયર સિટીઝનનો પસંદગી મેળો પણ યોજાયેલો જેમાં ૬૦ મહિલાઓએ ભાગ લીધેલો ૧૦૦ ઉપરાંત પુરૂષો હતા જેમાં ૧૫ મહિલાઓએ જીવનસાથી પસંદ કર્યો હતો. જેમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક સહિત દેશભરમાંથી મહિલાઓએ ભાગ લીધેલો. ખાસ કરીને ડિસેમ્બરમાં એન.આર.આઇ. મુરતીયાં કન્યા પસંદ કરવા ઇન્ડિયામાં આવે છે. તેઓ જાહેરાત દ્વારા, મેરેજ બ્યુરો દ્વારા અથવા સમાજ આયોજિત પસંદગી મેળાનો સંપર્ક કરી સમકક્ષ પાત્ર શોધવા પ્રયત્ન કરે છે. ઇન્ડિયન કન્યાઓની વફાદારી અને ઘર નીભાવવાની વિશેષ આવડતને કારણે તોઇ ઇન્ડિયન પત્નીનો આગ્રહ રાખતા હોય છે. અમદાવાદ-મુંબઇના મેરેજ બ્યુરોમાં એમ.બી.એ., સી.એ. અને આર્કીટેક થયેલ કન્યાઓ પણ જોવા મળે છે. સમાજ આયોજિત પસંદગી મેળામાં એક બાબત સમાન જોવા મળે છે કે યુવતીઓમાં કેળવણીનું પ્રમાણ ઊંચુ હોય છે. આજની યુવતીઓ મુરતીયાની પસંદગીમાં કોમ્પ્રોમાઇઝ કરતી નથી. નોકરી કરવાની છૂટ ન મળે તેવાં મુરતીયાઓને લાઇફ પાર્ટનર તરીકે સ્વીકારવાનો ઇન્કાર કરી દે છે. કેટલીક યુવતીઓ ફક્ત બિઝનેસમેનને જ પસંદ કરે છે. અમેરિકન મહિલા અગ્રણી એન્જેલુએ મહિલાઓને સલાહ આપેલી કે સ્ત્રીએ પરણતાં પહેલાં તેની પાસે નિયમિક આવક હોય અને બેન્ક બેલેન્સ હોય તથા પોતાની મેળે જરૂરી ખર્ચ કરી શકે તેટલા પૈસા ભેગા થાય પછી જ લગ્ન અંગે વિચારવું જોઇએ. એટલું જ નહિ સ્ત્રીને પોતાની પસંદગીના વસ્ત્રો પહેરવાની છૂટ આપે તેને જ પતિ તરીકે પસંદ કરવો જોઇએ. પણ ઇન્ડિયન ફોર્મ્યુલા કંઇક અલગ છે. અહિં પતિના પગલે ચાલવાની એક જાતે સ્વીકારેલી મર્યાદા છે. તેની વિચારસરણીને અનુરૂપ સેટ થવાની ભાવના જળવાઇ રહી છે. સમયની માંગ અને જરૂરીયાત મુજબ યુવતીને પસંદગીમાં મોકળાશ મળી રહે અને સમાજની મર્યાદામાં જીવન વિતાવી શકે અને તેમ છતાં સાંસારિક પ્રશ્નો ઉદ્‌ભવે તો સમાજ દ્વારા તેનું નિરાકરણ લાવી શકાય તે માટે દરેક સમાજે પસંદગીમેળાનો વિકલ્પ વિચારવો એ ઉત્તમ માર્ગ છે.